૮૦૧/૯૭૫

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૬ જૂન, ૨૦૧૩)**

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૨ : પ્રશ્નપત્ર - ૧**

નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે. (કુલ ગુણ : ૧૦૦)

## વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે

**પ્રશ્ન. ૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. કોણ મૃત્યુલોકમાં છે તો પણ ભગવાનના ધામમાં જ છે ?

૨. શેના બરાબર કોઈ પુણ્ય નથી અને શેના બરાબર કોઈ પાપ નથી ?

૩. ભગવાનના સંત સાથે કેવું હેત રાખવું જોઈએ ?

૪. મુક્તાનંદ સ્વામીએ મહારાજને સત્સંગીના જીવનપ્રાણ છો કહીને શું કહ્યું ?

**પ્રશ્ન. ૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૪]

૧. કોનામાં કોઈ જાતની મોટપ શોભે નહિ ?

૨. દેહ છતે ક્યું રહસ્ય સમજાય તેવો ઉપાય કરવો ?

૩. શ્રીજીમહારાજને કયો ઈશક અને સિદ્ધાંત છે ?

૪. ગ. મ. ૩૩ પ્રમાણે મહારાજને ક્યા મનુષ્ય ઉપર અતિશય કુરાજીપો થાય છે ?

**પ્રશ્ન. ૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચાર થી પાંચ લીટીમાં)** [૩]

૧. ક્ષય રોગરૂપે મોટા સંતનો સમાગમ.

૨. આંબલીના કચૂકાનું દૃષ્ટાંત અને સિદ્ધાંત.

૩. રાજનીતિના દૃષ્ટાંતે સાધના માર્ગમાં બળવાન થવાનો ઉપાય.

**પ્રશ્ન. ૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણ થી ચાર લીટીમાં)** [૪]

૧. સૌભરી ઋષિએ માછલાનું મૈથુન જોયું તો અંતઃકરણમાં વિષયની ઉત્પત્તિ થતાં પરણવાનું મન થયું.

૨. રાજા પરીક્ષિતને જ્યારે ખબર પડી કે સાત દિવસમાં મારું મૃત્યુ નિશ્ચિત છે, ત્યારે શુકજી પાસે ગયા ને જ્ઞાન મેળવ્યું અને મૃત્યુનો ભય ટળી ગયો.

૩. શાસ્ત્રીજી મહારાજનો પક્ષ રાખતા હીરામુખીએ કહ્યું, 'શૂરવીર હોય તો ચાલ્યા આવજો.'

૪. શાસ્ત્રીજી મહારાજને ખીચડીમાં ઝેર આપ્યું છતાં તેમના હૈયામાં કોઈ જાતનો ઘાટ ન થયો.

**પ્રશ્ન. ૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો.** [૬]

૧. ચાર વેદ, પુરાણ, ઇતિહાસ ....... એ જ પરમ કલ્યાણ છે.

૨. અને ભગવાનના ભક્તની ....... તે તો ભક્તિરૂપ છે.

૩. જેટલા ત્યાગી છે ....... પણ સુખ ન થાય.

## વિભાગ - ૨ : 'ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૨, ૩ તથા ૪' - નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. રાજવીઓ પર શ્રીહરિનો પ્રભાવ

૨. ગુજરાતના ભક્તોની મહારાજ પ્રત્યેની ભક્તિ

૩. શ્રીજીના મુખે સ્વસ્વરૂપનું દર્શન

**પ્રશ્ન. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૮]

૧. શ્રીજીની વિશ્રામ લીલાઓ

૨. શ્રીહરિ દ્વારા અધર્મ સર્ગનો નાશ

૩. સારંગપુરની લીલા કરી અતિ ભારી

**પ્રશ્ન. ૮ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો. (પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું)** [૧૨]

૧. મહારાજ સ્વયં રુદ્રાક્ષનો મણકો કંઠમાં પહેરે છે.

૨. કંડોદરામાં બ્રાહ્મણોની ચોરાશી

૩. એભલ બાપુની ખેતી સાચવવી ભક્તિની નવી રીત

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **"સત્સંગ પ્રાજ્ઞ-૨-૧"** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

| | તારીખ | મહિનો | વર્ષ |
|---|---|---|---|
| પરીક્ષાર્થીની જન્મ તારીખ :- | ☐☐ | ☐☐ | ☐☐☐☐ |

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

૪. શ્રીહરિ તખા પગીનો હાથ પકડે છે.
૫. નરસિંહ મહેતાના ચોરે

**પ્રશ્ન. ૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો.** [૮]
૧. અલૈયા ખાચર
૨. ગંગામા

**વિભાગ - ૩ : બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ - સંક્ષિપ્ત જીવનચરિત્ર નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ**

**પ્રશ્ન. ૧૦ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર મુદ્દાસર નોંધ લખો.** [૧૨]
૧. યુવાપ્રવૃત્તિનો ધોધ : યોગીજી મહારાજ
૨. આદર્શ બાળક ઝીણા ભગત
૩. યોગીજી મહારાજ પ્રત્યે શાસ્ત્રીજી મહારાજનો અનન્ય પ્રેમ

**પ્રશ્ન. ૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર પ્રસંગો લખો. (દરેકમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૬]
૧. સાધુનો વટહુકમ
૨. જૂનાગઢથી જ્ઞાનજીવનદાસનું મહાપ્રસ્થાન
૩. યોગીજી મહારાજની દિનચર્યા
૪. પત્ર દ્વારા અધ્યાત્મ માર્ગદર્શન

**પ્રશ્ન. ૧૨ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગ વર્ણવી મનન લખો.** [૬]
૧. કીર્તિ એક્સપ્રેસનો અકસ્માત
૨. ઝોલાને પૈસા બેસે છે ?
૩. હરિરસ ખારો ખારો.
૪. 'સી સોમાભાઈની ચા'વાળાને સ્વામીશ્રીની અંતર્યામી શક્તિનો પરિચય થયો.

**પ્રશ્ન. ૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ) (પાંત્રીસ થી ચાલીસ લીટીમાં)** [૧૫]
૧. યુવાહૃદયની સ્નેહ જ્યોત : પ્રમુખસ્વામી મહારાજ (સ્વામિનારાયણ પ્રકાશ - ડિસેમ્બર - ૨૦૧૨)
૨. વિશ્વમાં વ્યાપેલી અદ્‌ભુત સૃષ્ટિ : બી.એ.પી.એસ.નાં મંદિરો (સ્વામિનારાયણ પ્રકાશ - જાન્યુઆરી - ૨૦૧૩)
૩. અક્ષરબ્રહ્મ : ભગવાન સ્વામિનારાયણના શબ્દોમાં (સ્વામિનારાયણ પ્રકાશ - ઑક્ટોબર - ૨૦૧૧)

❋ ❋ ❋

નોંધ :- **આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૭ જુલાઈ, ૨૦૧૩ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિ:શુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**